આવે છે જે કોડ એન્ડ બંધ કરવા અને ખોલવા વપરાય છે.

મોટા ટ્રોલ જાળમાં તેના સાંધાઓનું જોડાણ મજબુત કરવા ૩ થી ૫ મી. મી. જાડાઇની દોરી વાપરવામાં આવે છે.

ટોલ જાળ બનાવવા માટેના મુખ્ય મુદ્દાઓ અહી સમજાવવામાં આવેલ છે. આ મુદ્દાઓના આધારે, કોઇપણ પ્રકારની ટ્રોલ જાળ બનાવી શકાય. આ માટે જરુરીયાત રહે છે. ડીઝાઇન-ડ્રોઈગની જેમાં ટ્રોલ-જાળની બધીજ જરુરી માહિતી આપેલ હોય.

: સમાપ્ત :

મુળ 'મલયાલમ' માંથી અંગ્રેજી અને તેમાંથી ગુજરાતી ભાષાંતર-
સર્વશ્રી કે. કે સોલંકી, કે. કે. કુંજીપાલુ અને ભૂપેન્દ્રનાથ
સી. આઈ. એફ. ટી., વેરાવળ. દ્રન્કે અને
સર્વશ્રી કે. જી. દવે અને કે. એ. એલેકસ ( એફ, ટી. આઇ. ) વેરાવળ.

સેન્ટ્રલ ઇન્સ્ટીટયુટ ઓફ ફીશરીઝ ટેકનોલોજીના વેરાવળ વિભાગે ા ા ા ા ડીઝાઇન તૈયાર કરેલ છે. :-
વિનંતી કર્યે વધુ વિગતો મળી શકશે.

1. ૧૩.૭ મીટર (૪૫') શ્રીમ્પ ટ્રેલ જાળ.
2. ૧૮.૧ મીટર (૬૦') ,, ,,
3. ૨૧.૨ મીટર (૭૦') ફીશ ,,
4. ૧૧.૪ મીટર (૩૭-૬'') શ્રીમ્પ ,,
5. ૧૫.૮ મીટર (૭ સાંધાવાળી) ,,
6. ૧૭.૦ મીટર (બલ્જડ બેલી) ,,
7. ૨૫.૦ મીટર ,, ,,
8. ૨૫.૦ મીટર (૭ સાંધાવાળી) ,,
9. ૨૫.૦ મીટર (હાઇ-ઓપનીંગ) ,,
10. ૩૨.૦ મીટર (મોટા કળવાળી) ,, (ડીમર્સલ- જાળીયાની)
11. ૧૦.૫ મીટર ચાર સરખા ભાગ (પેનલ)·વાળી મીડ વોટર ટોલ જાળ
12. ૬.૮ મીટર ડબલ-રીંગ અને ટવીન ટોલ જાળ.
13. હીલાસા અને પાપલેટ માટેની ગીલ-નેટ
14. મયરા અને બીજા માસા-હારી મચ્છી માટે વાધા (લોંગ લાઇન)
15. ખુંબલા મચ્છીમારી માટેડોલ-નેટ

# આધુનિક જાળ બનાવવાની તાલીમ

૨૨-૯-૧૯૮૧ - ૨૧-૧૦-૧૯૮૧

## સેન્ટ્રલ ઈન્સ્ટ્રીટયુટ ઓફ ફીશરીઝ ટેકનોલોજી
## રીસર્ચ સેન્ટર
## વેરાવળ.-૩૬૨૨૬૫

: તાલીમનું સ્થળ :

મત્સ્યોદ્યોગ તાલીમ સંસ્થા, ગુજરાત રાજ્ય,

કે એસ ભુલ્લર રોડ, વેરાવળ.

## -: ટ્રોલ જાળ બનાવતી વખતે ધ્યાને લેવાના મુદ્દાઓ :-

યાંત્રીક હોડીની મદદથી મચ્છીમારો માટે વાપરવામાં આવતી ક્રિયાશીલ જાળોમાં ટ્રોલ-જાળ મોખરાનું સ્થાન ધરાવેછે. દરિયાના તળિયા ઉપર, સપાટી પાસે અને વચ્ચેના પાણીમાં માછલી પકડવા માટે જુદી જુદી ડીઝાઈનની ટ્રોલ જાળ વપરાય છે. કેટલી ઉંડાઈએ જાળ વાપરવાની છે તેના આધારે ટ્રોલ જાળોનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવેછે.

૧. બોટમ ટ્રોલ જાળ : તળીયા-પાસે વપરાતા ટ્રોલ જાળ,

૨. મીડ-વોટર ટ્રોલ-જાળ : તળીયા અને સપાટીના વચ્ચે વપરાતી: અને

૩. પેલાજીક ટ્રોલ-જાળ : પાણીની સપાટી નીચે વપરાતા જાળ :




આકૃતિ ૧ બે સાંધાવાળી ટ્રોલ જાળ






આકૃતિ ૨ ચાર સાંધાવાળી ટ્રોલ-જાળ :

## : સાંધાની સંખ્યા પ્રમાણે ટ્રોલ-જાળનું વર્ગીકરણ :

ટ્રોલ-જાળ ૨,૪ અથવા ૬ શંકું આકારના જાળના પેનલ :ભાગ: જોડીને બનાવવામાં આવે છે. સામાન્ય રીતે આ પેનલના આગળના ભાગમાં પહોળાઇ વધારે હોય છે. અને પાછળના ભાગમાં પહોળાઇ તેમજ ફણુમું માપ ઓછું થતુ જાયછે.

બે, ચાર અથવા છ પેનલ સાંધીને બનાવવામાં આવતાં ટ્રોલ-જાળ ને અનુક્રમે બે સાંધાવાળા ટ્રોલ-જાળ, ચાર સાંધાવાળા ટ્રોલ-જાળ, અને છ સાંધાવાળા ટ્રોલ-જાળ કહેવામાં આવેછે અંગ્રેજીમાં ટુ-સીમ ટ્રોલ, ફોર સીમ ટ્રોલ અને સીક્સ સીમ ટ્રોલ નેટ કહેવાય છે.
(જુઓ આકૃતિ ૧ અને ૨)

ગુજરાત રાજ્યમાં બે પેનલ જોડીને બનાવવામાં આવતી બે સાંધા-વાળી ટ્રોલ-જાળ-પ્રચલીત છે. આ બે સાંધાવાળી ટ્રોલ-જાળ દરિયાના તળીયામાંથી ઝીંગા અને નાની મોટી માછલીઓ પકડવા માટે ખૂબ અનુકુળ છે. ચાર સાંધાવાળો ટ્રોલ-જાળ દરિયાના તળીયા તથા તેની ઉપરના થોડા ભાગમાં પાણીમાંથી માછલી પકડવામાં ઉપયોગી છે. આ ઉપરાંત ચાર સાંધાવાળા ટ્રોલ-જાળમાં અમુક ખાસ ફેરફારો કરીને પાણીમાં જુદી જુદી ઉંડાઈએ પણ માછલીઓ પકડી શકાય છે.

## -: ટ્રોલ-જાળની બાંધણી :-

બે સાંધાવાળી ટ્રોલ-જાળ એ ટ્રોલ-જાળોમાં સૌથી સાદી જાળ છે. આ જાળમાં મુખ્યત્વે એક ઉપરનો ભાગ ( પેનલ ) અને એક નીચેનો ભાગ ( પેનલ ) હોય છે. તેજ રીતે ચાર સાંધાવાળા ટ્રોલ-જાળમાં ઉપર અને નચેના બે પેનલ ઉપરાંત બન્ને બાજુ-એ એક એક પેનલ હોય છે. છ સાંધ વાળા ટ્રોલ-જાળમાં ઉપર અને નીચેના પેનલની વચ્ચે જુદી જુદી સાઇઝના બે બે પેનલ બન્ને બાજુએ હોય છે. ટ્રોલ-જાળમાં ઉપરનો પેનલ તથા નીચેનો પેનલ બન્ને મહદ અંશે લગભગ એક સરખા આકારના હોય છે. તેજ રીતે બન્ને બાજુંએ આવતાં પેનલ પણ લગભગ એક સરખા આકારના હોય છે મહદ અંશે ઉપરનો પેનલ તથા નીચેનો પેનલ બન્ને જુંદા જુંદા જાળના ટુંકડ ઓ જોડીને બનાવવામાં આવે છે. જુદાં જુદાં ટુંકડાઓમાં જીબ, બેલી ( વચલો ભાગ ) કોડ એન્ડ ( જ્યાં માછલી ભેગી થાય તે થેલી કોથળા જેવો છેડાનો ભાગ ) વગેરે હોય છે. (જુઓ આકૃતિ નંબર-૪.)

**જીબ :-**

બન્ને બેલીના પહોળા ભાગે છેડાએ જોડવામાં આવતાં ત્રીકોણ આકારના જાળના ભાગને જીબ કહે છે. જુઓ (આકુતિ નાં. ૩) જાળનું મોઢુ સારું અવું ખુલ્લુ રાખવા માટે તથા ખુલ્લા મોઢાને લગભગ લંબગોળ આકાર આપવા માટે જીબ જોડવામાં આવે છે. જીબની મહત્વની બાબત તેની અંદરનો ખૂણો છે અંદરના ખુણાના આધારે જીબનો ઢાળ નકકી કરી શકાય જે. જીબનો ભાગ ગુથતી વખતે તેની આકુતિ ત્રિકોણુ હોય તો શરુંઆતમાં જરૂર પ્રમાણે કણ બનાવી પછીની લાઇનમાં કણુ ઘટાડતાં જઇ છેલ્લે એક કણ બનાવવો જોઇએ, આવી રીતે ત્રીકોણ આકારનો જાળનો ટુંકડો મેળવવા માટે નચે પ્રમાણે બે પધ્ધતિ છે.

૧ જાળ ગુંથતી વખતે નકકી કરેલ પ્રમાણમાં કણ ઓછાં-વધતાં કરતાં જવાની રીત.

૨ લંબચોરસ જાળના ટુંકડામાંથી ખાસ પધ્ધતિએ ત્રીકોણ આકારનો ટુંકડો કાપવાની રીત.






આકુતિ ૩ જુદાં જુદાં પ્રકારની જીબ

ટ્રોલ-જાળની બેલી જાળના કેટલાંક ટુંકડાઓ સાંધીને આગળના ભાગમાં પહોળાઇ વધારે અને છેડેના ભાગમાં પહોળાઇ ઓછી તે રીતે બનાવેલ હોય છે. આમાં આગળના ભાગમા કણ મોટા અને પાછળના ભાગે કણ ક્રમશઃ નાના થતાં જાય છે. બેલીમાં કણુ આગળના ભાગમાં મોટાં તથા પાછળના ભાગમાં નાના હોય છે. તેમજ ઓછા હોય છે તેથી બેલી પુરી લંબાઇમાં, બન્ને બાજુએ પાછળ ખેંચાશે. આવા બેલી બનાવવા માટેના ટુંકડાઓ, જરૂરી આકારમાં જાળ ગુંથીને અથવા લંબ-ચોરસ-જાળમાંથી જરૂરી આકારમાં કાપીને બનાવી શકાય છે.




આકુતિ-૪ ટ્રોલ-જાળની જુદાં જુદાં ભાગો

કોડ–એન્ડ : છેડાનો ભાગ અથવા પુંછડી.

જાળના અંદર ભેગી થયેલ માછલી બહાર નીકળી ન જાય અને અંદરજ રહી જાય એવી સાઇઝના નાના નાના કણ વાળા લંબચોરસ આકૃતિના જાળના ભાગને કોડ–એન્ડ કહેવામાં આવે છે. કોડ-એન્ડ થેલીના સાંકડા ભાગ સાથે જોડેલ હોય છે. અને તેનો છેડો દોરી ખેંચી બંધ કરી શકાય તે રીતે તૈયાર કરેલ હોય છે.

## : વીંગ : પાંખ : સ્કવેર વગેરે :

ચાર પેનલવાળા : ચાર ખાંચાવાળા : ટ્રોલ–જાળમાં ઉપરના અને નીચેના પેનલ ઉપરાંત બન્ને બાજુ એક એક સાઇડ–પેનલ પણ હોય છે. આવા સાઇડ પેનલ, ઉપર–નીચેના પેનલ જેટલી લંબાઇના અથવા તો તેના કરતાં વધારે લંબાઇના હોય છે. બાજુના પેનલ વધારે લંબાઇના હોય તો, જીબથી આગળના સાઇડ પેનલના ભાગને વિંગ કહે છે.

ઓવર-હેંગ ટ્રોલ–જાળમાં, ઉપરનું પેનલ, નીચેના પેનલ કરતાં આગળના ભાગમાં વધારે લાંબું હોય છે. અથવા આગળના ભાગમાં એક લંબચોરસ ટુંકડો વધું હોય છે. આવા આગળના વધારાના લાંબા ભાગને કે ટુકડાને સ્કવેર : ચોરસ : કહેવામાં આવે છે. સ્કવેર નો હેતું એ છે કે જાળ જ્યારે આગળ ખેંચાતી હોય ત્યારે ઉપરનું પેનલ નીચલા પેનલ કરતાં આગળ પડતૂં હોવાથી જાળમાં આવતી માછલીઓ ઉપરના ભાગથી છટકી જવાનો સંભવ ઘણાં અંશે ઓછો થશે.

## –: જાળ માટે યોગ્ય આકારના ટુકડાઓ મેળવવા :–

ટ્રોલ-જાળ બનાવવા માટે વપરાતાં જાળના ટુકડાઓનો જરુરી આકાર મેળવવા માટે કણુની સંખ્યા એક બાજુએ કે બન્ને બાજુંએ જરૂર મુજબ યોગ્ય પ્રમાણમાં ઘટાડવી કે વધારવી જોઇએ. દા. ત. જાળનો એવો ટુંકડો બનાવવાનો છે જેમાં ૧૦૦ કણુથી શરૂ કરીને ૫૦ કણુની ઉંડાઈમાં છેડે ૫૦ કણ કરવાના છે જો એક જ બાજુએ કણુ ઘટાડવાના હોય તો જે બાજુંએ કણુ ઘટાડવાના હોય તેમાં દરેક લાઇનમાં છેડાના છેલ્લા બે કણુ એક સાથે કણુ બનાવવા બાંધી લેવા આથી દરેક લાઇનમાં એક એક કણુ ઓછો થતો જશે. એવી જ રીતે જો કણુની સંખ્યા વધારવાની હોય તો ઓછા કણ વાળી સાઇડથી શરૂ કરી એક કણુ પુરો કરી વધારવાની બાજુએ એક કણુ માંથી બે કણુ માટેના લુંપ (ગાળીયા) તે પછીની લાઇન માટે બનાવવા જોઈએ. જો ૫૦ કણુ ની સંખ્યા બન્ને બાજુંમાં વધારવી હોય કે ઘટાડવી હોય તો એક કણુનો વધારો અથવાતો ઘટાડો દરેક બે લાઇનમાં કરતાં જવો જોઇએ.



તેવી જ રીતે જો ઘટાડવાના વધારવાના કણુની સંખ્યા અને ઉંડાઈમાં કણુની સંખ્યા આપેલ હોય તો ઉંડાઈમાં કણુની સંખ્યાને ઘટાડવાના / વધારવાના કણુની સંખ્યાથી ભાંગવાથી એક બાજુંએ ઘટાડવાના/વધારવાના કણુનો દર મળી આવે છે. આ દર ને બે થી ગુણવાથી દરેક બે લાઇનમાં સરખા પ્રમાણમાં બન્ને બાજુંએ ઘટાડવાના/વધારવાના કણુનો દર મળી આવશે.



૧. કણુની સંખ્યા ઘટાડવાની રીત.



૨. કણુની સંખ્યા વધારવાની રીત.

દાખલો

ઉપલી બાજુએ કણુની સંખ્યા ............. ૫૦

નીચલી બાજુએ કણુની સંખ્યા ............ ૧૦૦

ઘટાડવાના/વધારવાના કણુની સંખ્યા... .....૧૦૦–૫૦

=૫૦

ઉંડાઇમાં કણુની સંખ્યા ................ ૫૦

તેથી એકજ બાજુએ એક લાઇનમાં

ઘટાડવાના/ વધારવાના કણુનો દર............

બંને બાજુએ દર બે લાઇનમાં સરખા પ્રમાણ

માં ઘટાડવાના/વધારવાના કણુનો દર ..... $\frac{૫૦}{૫૦} \times \frac{૨}{૧} = ૨$

આકૃતિ ૫ તૈયાર જાળમાંથી આકાર આપવાનીરીત




આકૃતિ ૬ કાપવાની રીત

## –: મોટી જાળમાંથી ટુકડા કાતરવાની પધ્ધતિ :–

મશીનથી બનાવેલી મોટી જાળમાંથી જોઈતાં આકારના ટુંકડાઓ કાપવાની રીત નીચેના સીધ્ધાંતો ઉપર આધારીત છે.

૧. એક પોઇન્ટ-કટ ઉભો કાપો ત્યારે એક મેશ વધે/ઘટે : કાપના ઢાળના આધારે

૨. એક બાર–કટ ૧/૨ મેશ ઘટાડશે વધારશે.

૩ એક પોઇન્ટ–કટ આડો કાપો ત્યારે ઉંડાઇમાં મેશ ઘટતો/વધતો નથી.

ધારો કે મોટા જાળમાંથી એક બાજુએ ૧૦૦ મેશ અને તેની સામી બાજુએ ૫૦ મેશ અને ઉંડાઇમાં ૫૦ મેશના માપનો એક ટુંકડો કાપવાનો છે. જો ઢાળ એકજ બાજુએ આપવાનો હોય તો તે બાજુએ ૫૦ મેશની ઉંડાઇમાં ૫૦ મેશ ઘટાડવાના થાય ૧૦૦ મેશવાળી બાજુએથી કાપવાનું શરુ કરી. અંદરની બાજુએ ૧૦૦ બાર-કટ કાપવાથી જરૂરી સાઇઝનો ટુંકડો મળી શકે. જો ૫૦ કણુ વાળી બાજુએથી કાપવાનું શરુ કરીએ તો બાર-કટનો ઢાળ બહારની બાજુનો હોવો જોઇએ. જો ઢાળ બંને બાજૂએ આપવાનો હોય તો ૨૫ મેશ બંને બાજુએ ઘટાડવાના/વધારવાના રહેશે. અહી ૨૫ પોઈન્ટ-કટ અને ૫૦ બાર-કટ વારા ફરતી બંને બાજૂએ કાપવાથી જરુરી માપ/સાઇઝનો ટુકડો મળશે. જો માપવાની પહોળી બાજુએથી શરુ કરવામાં આવે તો બાર-કટનો ઢાળ અંદરની બાજુએ રાખવો અને જો ઉંચી બાજુએથી કાપવાનું શરુ કરવામાં આવે તો બાર-કટનો ઢાળ બહારની બજુએ રાખવો કે જેથી કણની જરુરી ઘટ/વધ થાય.



આકુતિ ૭ જોડવાની રીત.

જાળના જુદા જુદા ટુકડાઓ ભેગા જોડવાના કામને ' જોઇનીંગ ' અથવા ' સાંધવું ' કહે છે ભેગા જોડવાના ટુકડાઓના છેડામાં સરખા માપના અને સરખી સંખ્યાના કણ હોય તો જોડવાનું કામ આકૃતિ-૭ માં બતાવ્યા પ્રમાણે સહેલુ છે. પરંતું ઘણા કિસ્સામાં ભેગા જોડવાના ટુકડાઓના છેડામાં જુદા જુદા માપના અને જુદી જૂદી સંખ્યાના કણ હોય છે. સામન્ય રીતે ટ્રોલ જાળના ટુંકડાઓના કણુ નાના અંને સંખ્યામાં, કણની સંખ્યાનો તફાવત, જોડાણુની લંબાઈમાં સરખે ભાગે વહેચી દેવામાં આવેલ છે દા. ત. ઉપલા છેડામાં ૧૦૦ કણુ છે અને નીચલા છેડામાં ૧૫૦ કણ છે. કણની સંખ્યાનો તફાવત ૫૦ છે. તે ઉપલા છેડામાં સરખા દરે વહેચવાના રહે છે અહી નીછલા છેડાના બે કણુ ઉપલા છેડાના દર બીજા કણમાં એક સાથે જોડવામાં આવશે. જો નીચલા છેડામાં ૧૨૫ કણુ જોડવાના હોય તો ઊપલા છેડાનો દરેક ચોથા કણુ નીચલા છેડાના બે કણ (ચોથો પાચમો કણ) સાથે જોડાશે.

**પેનલને ભેગા સાંધવા :-**

સામાન્ય રીતે પેનલના જોડલાના છેડાએની લંબાઇ સરખી હોય છે. કેટલીક ખાસ પ્રકારની જાળના કેટલાક ભાગની લંબાઇમાં તફાવત હોય છે ત્યારે કણની સંખ્યાના તફાવતને સરખે હિસ્સે સાંધની લંબાઈમાં વહેચી દેવી જોઇએ.



## બોલ્ચ-લાઇન સાથે જાળને બાધવી

ડોલ-નેટમાં જાળ બોલ્ચ-લાઇન (દોરી) સાથે બાધવામાં આવે છે અને તે મુખ્ય દોરડા સાથે બાધવામાં આવે છે, જાળને બોલ્ચ-લાઈન સાથે બાધવામાં પુરતી કાળજી રાખવી જોઈએ કારણ કે તેના ઉપર કણના ખુલ્લા રહેવાનો અને જાળ યોગ્ય રીતે ઢીલી રહેવાનો. આધાર રહે છે. સામાન્ય રીતે ૪૦ થી ૫૦ ટકા માં ટ્રોલ-નેટ બાંધવામાં આવે છે. એટલે કે ટેક-અપ ૪૦ થી ૫૦ % હોય છે. ટેક-અપ એ ખેંચીને રાખવામાં આવતી માત્ર જાળની વેબીંગની લંબાઈ અને જેટલી લંબાઇની દોરીમા જાળ બાધવામાં આવેલ હોય તેના તફાવતના ટકાનુ પ્રમાણ છે.

દા. ત. જેટલા ભાગમાં જાળ બાંધવામાં આવેલ હોય. તેટલા ભાગની દોરીની લંબાઇ ૨૦૦ મીટર છે અને માલ જાળની વેબીંગને ખેંચતાં તેની લંબાઇ ૨૫૦ મીટર થાય છે. તો બંને લંબાઇ વચ્ચે નો તફાવત ૫૦ મીટર છે. આ તફાવતની ૫૦ મીટર લંબાઇ દોરડાની ૨૦૦ મીટરની લંબાઇના ૨૫ ટકા થાય છે. તેથી અહી 'ટેક-અપ' ૨૫ ટકા છે.

## હેન્ગીંગ ( જાળ દોરડામાં લટકાવવી )

જાળ સાથેની બોલ્ચ-લાઇન મુખ્ય દોરડા ( ફુટ રોપ અને હેડ રોપ ) સાથે લટકાવતી વખતે, બોલ્ચ-લાઇનને પુરતી ઢીલી રાખવા માટે ૧૦ થી ૧૫ ટકા ટેકઅપ' આપવામાં આવે છે. જો દોરડાની લંબાઇ ૧૦૦ મીટર હોય તો બોલ્ચ-લાઇન ૧૧૦થી ૧૧૫ મીટર લંબાઇની રાખવી અને આ તફાવત દોરડાની લંબાઈમાં સરખે ભાગે વહેચવો.




આકુતિ ૮ જાળને દોરડા સાથે બાંધવાની (લટકાવવાની રીત)

વેબીંગને, બોલ્ચ લાઇન સાથે વેબીંગમાં વાપરેલ એવડી દોરીથી બાંધવી. બે ગાઠ વચ્ચે ૫થી૭ સે મી. જગ્યા રહે તે માટે ૧ કે ૨ કણ એક સાથે બાંધવા. સામાન્ય રીતે બોલ્ચ-લાઇન તરીકે ૩ થી ૫ મી. મી જાડાઇની દોરી વપરાય છે બોલ્ચ-લાઇન ને મુખ્ય દોરડા સાથે જોડવા માટે. ૧થી ૧. ૧/૨ મી.મી. જાડાઇની એવડી દોરીથી ૫ થી ૭ સે મી. ના અંતરે બોલ્ચ લાઈનને પુરતી ઢીલાસ રહે તેમ દોરડાને બોલ્ચ લાઇન ઉપર સાથે ગાંઠ મારવામા આવે છે.

જો બેરલ-સેઇપ (બેરલ આકાર) ના સીન્કર (વજનીયા) ફુટ રોપમાં વાપરવાના હોય તો ફુટ રોપમા તે પરોવી દેવા જોઇએ અને યોગ્ય અંતરે બાંધી ત્યાર પછી બોલ્ચ-લાઇન જોડવી જોઇએ.

ઓવર હેન્ગવાળી ટ્રોલ-નેટમાં ઉપલો ભાગ (પેનલ). નીચલા ભાગ કરતાં મોટો હશે એટલે સ્વભાવીક છે કે હેડ રોપ કરતાં ફુટ રોપ લાંબુ હોય.

આ રીતે તૈયાર થયેલ ટ્રોલ જાળના કોડ એન્ડના બધા છેવાડેના કણ બે ત્રણ જોડી જાડી દોરીથી અડધા કણ બનાવવામાં આવે છે. અને તેમાં ત્રણથી પાંચ મી. મી. ની જાડાઇની પાંચથી સાત મીટર લાંબી દોરી પરોવી દેવામા